## **<u>મે. એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ સમક્ષ,મુ.બોડેલી</u>**

**ફોજદારી મુકદ્દમા નંબર : ૯૯૭/૨૦૨૬**
**આંક :**

**ફરીયાદી** **:** શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપી** **:** પ્રવિણભાઈ વિઠ્ઠલભાઈ નાયકા
રહે : થારકુવા, તા.બોડેલી, જી.છોટાઉદેપુર

**ગુનો :** ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૫ (એ)(એ)

**: ચુ કા દો :**

**૧.** ફરીયાદની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૨૧/૦૩/૨૦૨૬ ના રોજ કલાક ૧૬:૪૫ વાગ્યે મોજે ઝોઝ વસાહત ગામે પોતાના કબજા ભોગવટાના મકાનમાં દેશી દારૂ લીટર–૦૨ કિંમત રૂ.૪૦૦/– નો રાખી ઘરે હાજર નહી મળી આવી ધી પ્રોહી એકટની કલમ–૬૫ (એ)(એ) મુજબનો ગુનો કરેલ છે.

**૨.** સદર કામે નામદાર ગુજરાત રાજય કાનુની સેવા સત્તામંડળ અમદાવાદના પત્ર જાવક નં. **GSLSA/3492/2021** તા. ૨૨/૧૨/૨૦૨૧ અન્વયે પત્રમાં જણાવ્યા મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે અને નામદાર ગુજરાત રાજય કાનુની સેવા સત્તામંડળ, અમદાવાદ તરફથી મળેલ સુચનાઓ મુજબ હુકમ કરવામાં આવેલ છે.

**૩.** આરોપી સામે ચાર્જશીટ રજુ થતાં અને આરોપી કોર્ટ સમક્ષ હાજર રહેતા તેની સામે આક્ષેપાયેલ ગુનો કબુલ કરવા માગતો હોય અને તે અંગેની પુરસીસ આંક–૦૪ થી રજુ કરી તથા આરોપીને આક્ષેપિત ગુના અંગે સમજ કરવામાં આવેલ અને આરોપીએ કોઈપણ જાતનાં દબાણ વગર સ્વેચ્છાએ ગુનો કબુલ કરતા હોવાનું જણાવેલ અને આરોપી વિરૂધ્ધ તહોમતનામું આંક–૦૫ થી ફરમાવી આરોપીની પ્લી આંક–૦૬ થી રેકોર્ડ કરતાં તેમાં પણ આરોપીએ ગુનો કબુલ કરતા હોવાનું જણાવેલ છે. આમ, આરોપી તેની સામેનાં ગુનાની સ્વૈચ્છિક કબુલાત કરતો હોય અને તે અંગે લેખિત કબુલાત પુરસીસ રજુ કરેલ છે તેમજ પોતાની કબુલાત પુરસીસમાં જણાવે છે કે, તેનો પ્રથમ ગુનો છે, ગુના બદલ પસ્તાવો વ્યકત કરે છે અને હવે પછી આ

પ્રકારનો ગુનો નહીં બને તેની તકેદારી રાખશે અને તેઓ ગરીબ વર્ગનાં માણસ છે, તેઓને તેઓનો ગુનો કબુલ છે અને તેઓની ઉપર રહેમ રાખવા વિનંતી કરેલ છે. આમ, આરોપી પોતાની સામેનો ગુનો સ્વૈચ્છિક કબુલ કરતા હોય આરોપીની સ્વૈચ્છિક કબુલાતનો સ્વીકાર કરી, કેસની હકીકતો અને સંજોગોને ઘ્યાને રાખી સદરહુ ગુનામાં તકસીરવાન ઠરાવી ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**: હુકમ :**

- આ કામનાં આરોપી પ્રવિણભાઈ વિઠૃલભાઈ નાયકા રહે : થારકુવા, તા.બોડેલી, જી.છોટાઉદેપુર વાળાને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૨૬૪ અન્વયે તેઓની સામેનાં ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૫ (એ)(એ) મુજબના ગુનામા તકસીરવાન ઠરાવી રૂા.૧૦૦/– (અંકે રૂપિયા સો પુરા) નો દંડ અને જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન–૨ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.
- સદર કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ દારૂનો અપીલ સમય વિત્યે નાશ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તા.**૧૧ મી** માહે **જુલાઈ,** સને **૨૦૨૬** ના રોજ સ્પેશયલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : બોડેલી
તારીખ : ૧૧/૦૭/૨૦૨૬

(સલીમઅલ્તાફ નેમતુલ્લાખાન ઘાસુરા)
અધિક ચીફ જયુ.મેજી.બોડેલી.
કોડ નં.જી.જે.૦૦૮૯૬